ક્રમાંક:પરચ/સેલ્ફ ફાય/મેનેજમેન્ટ/પ્રવેશ/ફી/૨૦૨૩-૨૪/૬-૪/૨૩

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,

ઇ/ઝાવક: ૬૪૦૫૮-૬૪૦૬૬/૨૩ છઠ્ઠો માળ, નેશનલ હેલ્થ મિશન ભવન,

સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર

તા. ૪/૯/૨૩

પ્રતિ,

સભ્યસચિવશ્રી,

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજ્યુએટ મેડીકલ એજ્યુકેશન કોર્ષિસ,

જીએમઇઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર.

વિષય:- તબીબી સ્નાતક અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૩-૨૪ માટે સરકારી-સેલ્ફ ફાયનાન્સ/ મેનેજમેન્ટ ક્વોટા અને એન.આર.આઇ ક્વોટાની બેઠક ઉપર એડમીશન આપવા બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીનો સરખા ક્રમાંકનો તા.૨૦/૦૭/૨૦૨૩નો પત્ર

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જીએમઇઆર સોસાયટી હસ્તકની મેડીકલ કોલેજો ખાતે તબીબી સ્નાતક અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૩-૨૪ માટે સરકારી-સેલ્ફ ફાયનાન્સ/મેનેજમેન્ટ ક્વોટા અને એન.આર.આઇ ક્વોટાની બેઠક ઉપર એડમીશન આપવા તેમજ ટ્યુશન ફી નક્કી કરવામાં આવેલ છે.

પ્રસ્તુત બાબતે વર્ષ-૨૦૨૩-૨૪ માટે નીચે મુજબના ફીના ધોરણ નિયત થયેલ હતા

પત્રક-૧

| ક્રમ | બેઠકનો પ્રકાર | જીએમઇઆરએસના ફીના ધોરણો |
|---|---|---|
| ૧ | સરકારી ક્વોટા | રૂ. ૫.૫૦ લાખ |
| ૨ | મેનેજમેન્ટ ક્વોટા | રૂ. ૧૭.૦૦ લાખ |
| ૩ | એન.આર.આઇ ક્વોટા | ૨૫૦૦૦/- યુ.એસ ડોલર |

વર્ષ-૨૦૨૨-૨૩ માટેના ફીના ધોરણો નીચે મુજબ હતા.

પત્રક-૨

| ક્રમ | બેઠકનો પ્રકાર | જીએમઇઆરએસના ફીના ધોરણો |
|---|---|---|
| ૧ | સરકારી ક્વોટા | રૂ. ૩.૩૦.૦૦૦/- |
| ૨ | મેનેજમેન્ટ ક્વોટા | રૂ. ૯.૦૭.૫૦૦/- |
| ૩ | એન.આર.આઇ ક્વોટા | ૨૨૦૦૦/- યુ.એસ ડોલર |

ઉપરોક્ત પત્રક-૧માં જણાવેલ ફીના ધોરણો હાલ પુરતા સ્થગિત રાખવામાં આવે છે. અને અગાઉના વર્ષ-૨૦૨૨-૨૩ માટે પત્રક-૨માં દર્શાવેલ ફીના ધોરણો યથાવત રાખવામાં આવે છે.

વધુમાં હાલમાં એમ.બી.બી.એસ. ના સ્નાતક અભ્યાસક્રમ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થયા બાદ પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. પરંતુ વર્ષ-૨૦૨૩-૨૪ માટે અગાઉની એટલે કે વર્ષ-૨૦૨૨-૨૩ની ફીનું ધોરણ યથાવત રહેતા નવેસરથી પ્રથમ રાઉન્ડ માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. પ્રવેશ પ્રક્રિયા માટે બેઠકો અંગેની વિગતો અત્રેની કચેરીના તા.૨૦/૦૭/૨૦૨૩ના પત્ર મુજબ યથાવત રહેશે.

ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર
જીએમઈઆરએસ સોસાયટી
ગાંધીનગર.

નકલ સવિનય રવાનાઃ-

- અંગત સચિવશ્રી, માન. આરોગ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.
- રહસ્ય સચિવશ્રી, માન.અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું કાર્યાલય, બ્લોક નં. ૭, સચિવાલય ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, માન.કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને ત.શિ નું કાર્યાલય, બ્લોક નં. ૫, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, બ્લોક નં. ૪, જુના સચિવાલય ગાંધીનગર.
- ડીનશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ, હિંમતનગર, જુનાગઢ, વડનગર, વલસાડ, મોરબી, પોરબંદર, નવસારી, રાજપીપળા અને ગોધરા તરફ જાણ અને ઘટતી કાર્યવાહી સારૂ.

નકલ રવાનાઃ-

હિસાબી શાખા;સદર કચેરી તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ

ઓ।આ।નં. ૧૨૬૫૦-૧૨૬૬૬ |૨૩.

ક્રમાંક:પરચ/સેલ્ફ ફાય/મેનેજમેન્ટ/પ્રવેશ/ફી/૨૦૨૩-૨૪/૬-૪/૨૩
ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,
છઠ્ઠો માળ, નેશનલ હેલ્થ મિશન ભવન,
સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર
તા. 20 JUL 2023

પ્રતિ,
ડીનશ્રી,
જીએમઇઆરએસ મેડીકલ કોલેજ,
સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ, હિંમતનગર, જુનાગઢ, વડનગર, વલસાડ, મોરબી, પોરબંદર, નવસારી, રાજપીપળા અને ગોધરા

વિષય:- તબીબી સ્નાતક અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૩-૨૪ માટે સરકારી-સેલ્ફ ફાયનાન્સ/ મેનેજમેન્ટ ક્વોટા અને એન.આર.આઇ ક્વોટાની બેઠક ઉપર એડમીશન આપવા બાબત.

તબીબી સ્નાતક અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૩-૨૪ માટે જીએમઇઆરએસ હસ્તકની મેડીકલ કોલેજોની સ્વનિર્ભર બેઠકોની શૈક્ષણિક ફી વાર્ષિક રૂ.૫.૫૦/- લાખ તેમજ મેનેજમેન્ટ કોટાની શૈક્ષણિક ફી વાર્ષિક રૂ. ૧૭/- લાખ અને એન.આર.આઇ ક્વોટાની શૈક્ષણિક ફી વાર્ષિક US $ ૨૫૦૦૦/- (પચ્ચીસ હજાર યુ.એસ ડોલર અથવા સમકક્ષ વિદેશી ચલણ) ના ધોરણો રાખવા મંજુરી મળેલ છે. તે મુજબ શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ માટે પ્રવેશ આપવાનો રહેશે. તેમજ એન.આર.આઇ ક્વોટાની બેઠકોમાંથી ખાલી રહેતી બેઠકો માટે મેનેજમેન્ટ ક્વોટામાં તબદીલ કરવામાં આવતા મેનેજમેન્ટ ક્વોટાના વાર્ષિક ફીના ધોરણ મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૩-૨૪માં પ્રથમ વર્ષની નીચે જણાવેલ પત્રક મુજબ જીએમઈઆરએસની ૧૩ (૧૩) મેડીકલ કોલેજોની બેઠકો ઉપર શૈક્ષણિક ફી વાર્ષિક રૂ. ૫.૫૦ લાખ સાથે સેલ્ફ ફાયનાન્સના લિસ્ટમાં દાખલ કરી સરકારી ક્વોટાની ૭૫% બેઠક પ્રમાણે કુલ-૧૫૦૦ બેઠકો તેમજ શૈક્ષણિક ફી વાર્ષિક રૂ. ૧૭ લાખ સાથે મેનેજમેન્ટ ક્વોટાની ૧૦% બેઠકો પ્રમાણે કુલ-૨૧૦ બેઠક સરકારી ક્વોટાની બેઠકો તરીકે આપવા માટે સરન્ડર કરવામાં આવે છે. તથા એન.આર.આઈ. ક્વોટાની ૧૫% લેખે કુલ-૩૧૫ બેઠકો ઉપર શૈક્ષણિક ફી વાર્ષિક US $ ૨૫ હજાર (પચ્ચીસ હજાર યુ.એસ. ડોલર અથવા સમકક્ષ વિદેશી ચલણ) સાથે પ્રવેશ આપવાનો રહેશે તથા તે એન.આર.આઈ ક્વોટાની કુલ-૩૧૫ બેઠકોમાંથી ખાલી રહેતી બેઠકો મેનેજમેન્ટ ક્વોટામાં તબદીલ થતી હોઇ તે મુજબ વાર્ષિક રૂ. ૧૭ લાખની શૈક્ષણિક વાર્ષિક ફીના ચુકવણાંથી શૈક્ષણિક પ્રવેશ વર્ષ -૨૦૨૩-૨૪ની પ્રવેશ કાર્યવાહિ કરવા માટે કેન્દ્રિય એડમીશન કમિટીને સરન્ડર કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે એમ.બી.બી.એસ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વાર્ષિક ફીનું ધોરણ પત્રક-૧ નીચે મુજબ છે.

પત્રક-૧

| ક્રમ | બેઠકનો પ્રકાર | જીએમઇઆરએસના ફીના ધોરણો |
|---|---|---|
| ૧ | સરકારી ક્વોટા | રૂ. ૫.૫૦ લાખ |
| ૨ | મેનેજમેન્ટ ક્વોટા | રૂ. ૧૭.૦૦ લાખ |
| ૩ | એન.આર.આઇ ક્વોટા | ૨૫૦૦૦/- યુ.એસ ડોલર |

D:\PUSHPA 2\Letter 2023.docx

પત્રક-૨

| ક્રમ | કોલેજ | કુલ મંજુર બેઠક | સરકારી ક્વોટાની બેઠકો ૭૫% લેખે | | મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ૧૦% લેખે | એન.આર. આઇ. ક્વોટાની બેઠકો ૧૫ % લેખે |
|---|---|---|---|---|---|---|
| | | | સ્ટેટ | ઓલ ઇન્ડિયા | | |
| ૧ | સોલા | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૨ | ગોત્રી | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૩ | ગાંધીનગર | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૪ | વલસાડ | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૫ | ધારપુર | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૬ | હિંમતનગર | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૭ | જુનાગઢ | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૮ | વડનગર | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૯ | રાજપીપળા | ૧૦૦ | ૬૦ | ૧૫ | ૧૦ | ૧૫ |
| ૧૦ | નવસારી | ૧૦૦ | ૬૦ | ૧૫ | ૧૦ | ૧૫ |
| ૧૧ | પોરબંદર | ૧૦૦ | ૬૦ | ૧૫ | ૧૦ | ૧૫ |
| ૧૨ | ગોધરા | ૧૦૦ | ૬૦ | ૧૫ | ૧૦ | ૧૫ |
| ૧૩ | મોરબી | ૧૦૦ | ૬૦ | ૧૫ | ૧૦ | ૧૫ |
| કુલ | | ૨૧૦૦ | ૧૫૦૦ | ૭૫ | ૨૧૦ | ૩૧૫ |

સરકારી ક્વોટાની બેઠક પર પ્રવેશ મેળવનાર વિધાર્થી પાસેથી તેઓ એમ.બી.બી.એસનો અભ્યાસ પૂર્ણ કરી તે પછી એક વર્ષ સુધી જીએમઇઆરએસમાં સેવા આપવાની રહેશે અને જો આવી સેવા ન આપે તો તેઓ પાસેથી રૂ.૨.૦૦ લાખ (અંકે રૂપિયા બે લાખ પુરા) વસુલ કરવાના રહેશે. તેમજ કોઇ તબીબી વિધાર્થી સરકારશ્રીની યોજનાઓનો લાભ મેળવે તો તેને સરકારશ્રીના તબીબી શિક્ષણ અને સંશોધન (ત.શિ)ગાંધીનગરના નિયમ મુજબ બોન્ડ લાગુ રહેશે. તે મુજબ સંબંધિત તબીબી વિધાર્થીએ જીએમઇઆરએસ હેઠળની જે તે મેડીકલ કોલેજમાં પ્રવેશ સમયે બોન્ડ રજુ કરવાનો રહેતો હોવાથી પ્રવેશ મેળવનાર વિધાર્થીએ ઉપર મુજબ બોન્ડ આપવાનું રહેશે. તે મુજબની જાણ સંબંધિત ઉમેદવારને કરવાની રહેશે.

આ કચેરીની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૧/૦૧/૨૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આ પત્ર રવાના કરવામાં આવે છે.

ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર
જીએમઇઆરએસ સોસાયટી
ગાંધીનગર.

નકલ સવિનયર રવાના:-

- અંગત સચિવશ્રી, માન. આરોગ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.
- રહસ્ય સચિવશ્રી, માન.અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું કાર્યાલય, બ્લોક નં. ૭, સચિવાલય ગાંધીનગર

D:\PUSHPA 2\Letter 2023.docx

- રહસ્ય સચિવશ્રી, માન.કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને ત.શિ નું કાર્યાલય, બ્લોક નં. ૫, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, બ્લોક નં. ૪, જુના સચિવાલય ગાંધીનગર.
- સભ્યસચિવશ્રી, એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજયુએટ મેડીકલ એજયુકેશન કોર્ષીસ, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નકલ રવાના:-

હિસાબી શાખા:સદર કચેરી તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.